ગાંધીનગર સમાચાર

તા. ૨૦-૩-૨૦૧૪, ગુરૂવાર

## તંત્રી સ્થાનેથી....

### આયાતી ઉમેદવારો સામે બગાવતના સૂર

ચૂંટણી ટાણે ટિકિટોની જાહેરાત પછીના કેટલાક દિવસો દરેક પક્ષ માટે માથાના દુખાવા સમાન બની રહેતા હોય છે. પાર્ટીના જૂના અને વફાદાર કાર્યકરોની અવગણના કરીને બારોબાર પેરાશૂટ ઉમેદવાર ઉતારી દેવામાં આવે છે ત્યારે પાર્ટીમાં જ વિદ્રોહ શરૂ થઈ જતો હોય છે જે શમાવવા જતાં દિવસોના દિવસો લાગી જતા હોય છે. કયારેક બહારના ઉમેદવારની સામે પક્ષના જ માણસો પોતાના મનપસંદ ઉમેદવારને કોઈ નવા બેનર હેઠળ અથવા અપક્ષ ઉમેવાર તરીકે મેદાનમાં ઉતારી આફરો ઠાલવે છે અને કહેવાતા હાઈકમાંડને એની હેસિયત બતાવી દે છે. ૨૦૧૪ની લોકસભાની ચૂંટણીમાં આવી ઘટનાઓ સૌથી વિશેષ ભારતીય જનતા પાર્ટીમાં જોવા મળી રહી છે. પાર્ટીના નેતૃત્વ હેઠળ એનડીએ સરકાર રચાવાની છે એવો હાઈ-ફાઈ પ્રચાર કર્યા પછી વાસ્તવિકતા એ છે કે જે હિન્દી પટ્ટાના જનાધારને સૌથી મજબૂત ગઢ ગણીને નરેન્દ્ર મોદીને વારાણસીની ટિકિટ ફાળવાઈ છે, તે ઉત્તર પ્રદેશ અને નિકટવર્તી બિહારમાં બહાવતના સૂર સૌથી વધારે બુલંદ બની રહ્યા છે. ખુદ પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ રાજનાથ સામે એમની લખનૌ બેઠક પર વિરોધ થઈ રહ્યો છે. એમનું પૂતળું બાળવામાં આવ્યું છે. આ બેઠક અહીંના વરિષ્ઠ નેતા લાલજી ટંડન પાસેથી ખૂંચવી લેવાતાં કાર્યકરોમાં ભાજપ પ્રમુખ પર ભારે રોષની લાગણી પ્રવર્તી રહી છે. દિલ્હીના સીમાડે આવેલી ગાઝિયાબાદની બેઠક પરથી ગઈ લોકસભાની ચૂંટણી લડેલા રાજનાથને દિલ્હીમાં રચાયેલાં નવા રાજકીય સમીકરણોને જોતાં એમની બેઠક અસુરક્ષિત લાગી રહી હતી. એથી એમણે ઉત્તરપ્રદેશની રાજધાની લખનૌ કે જયાંથી ખુલ અટલબિહારી વાજપેયી ચૂંટાતા રહ્યા હતા, એને સલામત બેઠક ગણી લાલજી ટંડનને નારાજ કર્યા છે. એ જ રીતે મુરલી મનોહર જોશી જેવા ભારતીય જનતા પાર્ટીના પાયાના પથ્થરને એમની બેઠક નરેન્દ્ર મોદી ખાતર છોડવી પડી છે. જોષીએ એમની નારાજગી સ્પષ્ટ શબ્દોમાં વર્ણવી હતી. બનારસ હિંદુ યુનિવર્સિટી ખાતે પંડિત છન્નુલાલના સંગીત સમારોહમાં એમણએ દૂંટીની વાત કરી હતી તે સર્વવિદિત છે. મોદીના મોજા પર અને નાણાંકોથળી પર સવાર થઈને ચૂંટણી લડવાની હોઈ વરિષ્ઠ નેતાઓ ચૂપ રહે તે સમજી શકાય, પરંતુ સ્થાનિક કાર્યકરો તો એમનો વિરોધ વ્યકત કરીને જ જંપે છે. દેવરિયાની કલરાજ મિશ્રાની બેઠકનો પણ સખત વિરોધ થયો છે. હજી ભાજપમાં નવાસવા પ્રવેશી રહેલા ઉત્તરપ્રદેશના વરિષ્ઠ કોંગ્રેસી નેતા જગદંબિકા પાલને ડુમરિયાગંજની એમની બેઠક ફાળવી દેવાય તે ભાજપના કાર્યકર્તાઓને હરગિજ મંજૂર નથી. એવો જ સખત વિરોધ જનરલ વી.કે.સિંહને ગાઝિયાબાદ ક્ષેત્રના કાર્યકરોનો સહેવો પડયો છે. ભારતીય સ્થળ સેનાના નિવૃત્ત વડા માટે આથી મોટું અપમાન કયું હોઈ શકે? પરંતુ હવે પ્રજા જાગી ગઈ છે. એ પોતાના અધિકાર પ્રત્યે સજાગ બની એના પર ઠોકી બેસાડેલા ઉમેદવાર-પછી ભલે તે મોટી સેલિબ્રિટી કે લશ્કરના સેનાપતિ જ કેમ ન હોય- એમને સ્વીકારવા રાજી નથી. ચંડીગઢમાં ભાજપનાં આયાતી સેલિબ્રિટી ઉમેદવાર કિરણ અનુપમ ખેરને એરપોર્ટ પરથી જ કાળા વાવટા બતાવી 'પાછાં જાવ'નાં સૂત્રો સાંભળવાં પડ્યાં છે. લગભગ આવી જ હાલત 'આપ'ના બહારના ઉમેદવારોની બનવા પામી છે. કોંગ્રેસ સો ગરણે ગાળી ગાળીને ઉમેદવારો મૂકવા પ્રયાસ કરી રહી છે, પરંતુ એને પણ આ સમસ્યા તો નડવાની જ છે. હરિન પાઠકની પરંપરાગત બેઠક છીનવી લેવાની કવાયત ચાલી રહીછે. એના વિરોધમાં અડવાણી સમૂળગું ગુજરાત છોડીને ભોપાલ જવાનું મન બનાવી ચૂકયા છે. ચૂંટણી ટિકિટોની વહેંચણી સમયના આવા વિરોધને રીઢા રાજકારણીઓ ગણકારતા નથી હોતા. એ બધા આવા બખડજંતરથી ટેવાઈ ગયા હોય છે. સમય જતાં ઘના ઠામમાં ઘી પડી જશે, એવી નીંભર હાથીની ગતમાં ચાલતા હાઈકમાંડને કાર્યકરો તો કૂતરાંની માફક ભસતા રહે એની પડી જ ન હોય ને!



શહેરની પાસે કુડાસણ ખાતેની પ્રયોશા મહિલા વિકાસ એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા અમદાવાદના લાભા, ઈન્દીરાનગર, નારોલ, ઓઢવ,વટવા અને ચાગોદરના સ્લમ વિસ્તારમાં એચઆઈવી એઈડ્સ જેવા જીવલેણ રોગ વિશે જનજાગૃતિ અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.

જન જાગૃતિ અભિયાન ગઈ ૧૩ માર્ચથી ૧૭ માર્ચ દરમિયાન અલગ-અલગ વિસ્તારમાં હાથ ધરવામાં આવ્યું હતું. અભિયાન હેઠળ બાળકો, મહિલાઓ અને છોકરીઓને એઈડ્સ વિશે જાણકારી આપવામાં આવી હતી. એઈડ્સને અટકાવવા માટે જરૂરી પગલાનું સૂચન કરવામાં આવ્યું હતું.

અભિયાનમાં સંસ્થાના ડાયરેક્ટર લક્ષ્મી જોષી, ટ્રસ્ટી અલકા પટેલ, રંજનબેન પરમાર, મૈત્રીબેન ઠાકર,લીલાબેન પરમાર અને સંસ્થાના હોદ્દેદારો જોડાયા હતા. કાર્યક્રમની પૂર્ણાહુતિ ધૂળેટીના દિવસે લાભા ખાતે ધૂળેટી રમીને કરવામાં આવી હતી.

(તસવીર : કશ્યપ નિમાવત)

## આજે ધોરણ-૧૦માં સામાજિક વિજ્ઞાન અને ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં અંગ્રેજીનું પેપર

### આજથી ધોરણ-૧૨ વ્યવસાયલક્ષી પ્રવાહની પરીક્ષા શરૂ

અમદાવાદ, તા.૧૯

ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા લેવામાં આવી રહેલ બોર્ડની પરીક્ષામાં આવતીકાલે ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓ સામાજિક વિજ્ઞાનનું પેપર આપશે જ્યારે ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ અંગ્રેજી વિષયની પરીક્ષા આપશે તો ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં આવતીકાલે સામાજિક વિજ્ઞાન અને વાણિજ્ય વ્યવસાયનું પેપર લેવામાં આવશે.

ધોરણ-૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓએ એક દિવસના વિરામ બાદ આવતીકાલે પરીક્ષા આપશે. જેમાં ધોરણ-૧૦ના વિદ્યાર્થીઓ સામાજિક વિજ્ઞાનનું પેપર આપશે. આ પરીક્ષા સવારે ૧૦:૦૦ થી ૧:૨૦ કલાક દરમ્યાન લેવામાં આવશે જ્યારે ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહના વિદ્યાર્થીઓ અંગ્રેજી વિષયની પરીક્ષા આપશે. આ પરીક્ષા બપોરે ૩:૦૦ થી ૬:૩૦ કલાક દરમ્યાન લેવાશે જ્યારે ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં સવારે ૧૦:૩૦ થી ૧:૪૫ કલાક દરમ્યાન સામાજિક વિજ્ઞાનનું પેપર લેવામાં આવસે તો બપોરે ૩:૦૦ થી ૬:૧૫ દરમ્યાન વાણિજ્ય વ્યવસ્થા વિષયનું પેપર લેવામાં આવશે. દરમિયાન ગુજરાત માધ્યમિક અને ઉચ્ચર માધ્યમિક શિક્ષણ બોર્ડની પરીક્ષા અડધી પૂર્ણ થઈ ચુકી છે ત્યારે આવતીકાલથી ધોરણ-૧૨ વ્યવસાયલક્ષી પ્રવાહની પરીક્ષાનો પ્રારંભ થઈ રહ્યો છે. વ્યવસાયલક્ષી પ્રવાહમાં આવતીકાલે કૃષિ જૂથ-એ માં ઉદ્યોગ સાહસિકતાનું પેપર લેવાશે તો વાણિજ્ય જૂથ-સી, વિજ્ઞાન જૂથ-એચ અને તાંત્રિક જૂથ ટીમો પણ ઉદ્યોગ સાહસિકતાનું પેપર લેવામાં આવશે. ઉલ્લેખનીય છે કે રાજ્યમાંથી અંદાજે ૫૦૦ હજાર જેટલા વિદ્યાર્થીઓ ધોરણ-૧૨ વ્યવસાયલક્ષી પ્રવાહની પરીક્ષા આપશે.

**ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહમાં આજે સામાજિક વિજ્ઞાન અને વાણિજ્ય વ્યવસાયનું પેપર**

## પ્રદેશ વાલ્મીકી વિકાસ સંઘની સામાન્ય સભા મળશે

ગાંધીનગર, તા.૧૯

ગુજરાત પ્રદેશ વાલ્મીકી વિકાસ સંઘની સામાન્ય સભા તા. ૨૧ માર્ચના રોજ સાંજે ૬-૦૦ કલાકે બ્લોક નં. ૬૦/૩, છ ટાઈપ સેકટર-૧૭ જુના એમ.એલ.એ. કવાટર્સ ખાતે કનુભાઈ વાઘેલાના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવશે. સભામાં વાલ્મીકી ભવન બનાવવા માટે રાહત દરે જમીન માંગણી અને ફાળો ઉઘરાવવા, મહાસંઘની સંગઠન શકિત વધારવા અને તાલુકા/જિલ્લા કક્ષાએ શાખાઓ ખોલવા જેવા પ્રશ્નની ચર્ચા વિચારણા કરવામાં આવશે. સભામાં વિકાસ સંઘના હોદ્દેદારો, કારોબારી સભ્યો, સામાન્ય સભ્યોએ ઉપસ્થિત રહેવા મહામંત્રીએ જણાવ્યું છે.

### જરૂરીયાતમંદ શાળાઓ અને આદિવાસી ક્ષેત્રેની શાળાઓની મુલાકાત લેશે

## સ્માઈલ ૨૦મીએ અમદાવાદ-ગાંધીનગરમાં

અમદાવાદ, તા. ૧૯

સ્માઈલ ઓર્ગેનીઝેશન એક ચેરીટેબલ ટ્રસ્ટ છે જે જરૂરીયાતમંદ, રસ્તા પર રહેતા અને આર્થિક અને માનસિક તાણ અનુભવતા બાળકો માટે કાર્યશીલ છે.

૧૯૯૭માં શ્રીમતી એનાક્ષી શાહના નેતૃત્વ હેઠળ સ્માઈલ સંસ્થાની સ્થાપના થઈ. એનક્ષીબેને ૧૯૭૨માં માસ્ટર ઓફીશિઅલ વર્કરની ડીગ્રી લીધા બાદ ૩૫ વર્ષ આ બાળકો સાથે કોલેજ ઓફ સોશિઅલ વર્ક નીર્માલાનીકેતનના વાત્સલ્ય પ્રોજેક્ટમાં અને શ્રી જૈન મહિલા સમાજ કલ્યાણ કેન્દ્રમાં કામ કર્યું. કામ કરતા કરતા તેમને મધર મોન્ટેસરીનો કોર્સ કરવાની તક મળી. જેમાં ૦ થી ૬ વર્ષના અને ૬ થી ૧૮ વર્ષના બાળકોનો માનસિક વિકાસ બાબત સંપૂર્ણ જાણકારી પ્રાપ્ત થઈ.

સ્માઈલ સંસ્થાનો મુખ્ય હેતુ બાળકોને શિક્ષણ આપી તેમને ઉજ્જવળ ભવિષ્ય આપવાનો છે. તેમજ તેમને જોઈતી સુવિધા અને તકો આપી એમનો સર્વાંગી વિકાસ કરવામાં આવે છે. સ્માઈલના ૧૬ વર્ષના અનુભવથી એક વાત ચોક્કસ થઈ ગઈ કે શિક્ષણ દરેક બાળકના ઘડતરનો મજબુત પાયો છે જે ફક્ત બાળકને જ નહી પૂરા પરિવારને તારે છે.

વિવિધ શાળાઓ સાથે કામ કરતા અને અન્ય બીજી શાળાઓના સર્વે બાદ, મહત્વની માહિતી, શાળાઓના અધિકારીઓ દ્વારા એ મળી કે શાળાના અથાગ પ્રયત્નો અને શિક્ષકોની મહેનત છતાં ક્યારેક કોઈ અજ્ઞાત કારણોસર અને પૂરતા સાધનોને અભાવે શાળા પહોંચવી જોઈએ તે કક્ષાએ પહોંચી શકતી નથી. જે શાળાઓ તેમના વિદ્યાર્થીઓને ઉત્તમ શિક્ષણ આપવા સમર્પિત છે તેવી શાળાઓને સ્માઈલ ખુટતા સંશાધનો આપી તથા ઈ-એજ્યુકેશનથી પરિચિત કરી શાળાને ઉચ્ચ કક્ષાએ પહોંચાડવાને પ્રોજેક્ટ હાથ ધર્યો છે.

ઈ-એજ્યુકેશન, દશ્ય શ્રાવ્ય મળ્યાં હોવાથી બાળકો માટે ઘણું લાભદાયક સાબિત થયું છે. ઈ-એજ્યુકેશનથી ભણાવવું ઘણું સહેલુ થઈ જાય છે અને બાળકોને આવા રસમય અને આનંદમય ભણતર સહેલાયથી સમજાય છે.

ઈ-એજ્યુકેશનની કીટમાં પહેલા વર્ગથી દસમાં વર્ગના અભ્યાસક્રમમાં આવતા બધા વિષયો પેન ડ્રાઈવમાં સમાવાયા છે તથા પેન ડ્રાઈવ ચલાવવાનું મશીનનો સમાવેશ થાય છે.

આઈ-એજ્યુકેશન સ્માઈલ દ્વારા મુંબઈની ઘણી શાળાઓમાં શરૂ કરવામાં આવી છે. એના ઘણા સારા પરિણામો મળ્યા છે.

આઈ-એજ્યુકેશનનો વિસ્તારવા અને વધુ ને વધુ બાળકોને લાભ આપવા સ્માઈલ સંસ્થા માર્ચ, તા. ૨૦મીએ અમદાવાદ, ગાંધીનગર આવી રહી છે. જરૂરીયાતમંદ શાળાઓ તથા આદિવાસી ક્ષેત્રની શાળાઓની મુલાકાત લેશે. સંસ્થાને જે શાળાઓ યોગ્ય લાગશે ત્યાં ઈ-એજ્યુકેશન શરૂ કરશે.

## હરિની દૃષ્ટિ...




પેલી સની લીયોન અમદાવાદથી જાય નહી, ત્યાં સુધી તમારે બાપ દિકરાએ અમદાવાદ જવાનું નથી...!!

## સંસ્કૃત મ્યુઝીક કોન્સર્ટ ચૌધરી કોલેજમાં યોજાયો

ગાંધીનગર, તા. ૧૯

શ્રી પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં ભાગવત વિદ્યાપીઠમાં આવેલ રીસોર્સ પર્સન વિશાલભાઈ દવે સંસ્કૃત મ્યુઝીક કોન્સર્ટ હેઠળ સમક સંસ્કૃત શ્લોક ગાન વિદ્યાર્થિનીઓને શીખવ્યું હતું. જેમાં વિદ્યાર્થિઓએ સંસ્કૃતના શ્લોકને છંદોબદ્ધ પઠન કર્યું હતું.

આજના વર્તમાન સમયમાં ઉપયોગી એવું મેન્ટલ કેર સંસ્કૃત વર્સીસ વિદ્યાર્થીનીઓ શિબિર જે તેઓને આંતરિક કૌશલ્યથી હુન્નર શીખવી વર્તમાન સમયમાં શિક્ષણ કેવી રીતે પ્રદાન કરી શકાય તે બાબત શીખવે છે. જેની પ્રેરણા પ્રિન્સીપાલ ડૉ. ઉર્મિલાબેન ચૌધરીએ આપેલ. તેમજ સંસ્કૃત વિભાગ તરફથી તેઓને શિક્ષણને વર્તમાન સમયમાં ઉપયોગમાં લેવા પ્રયત્નશીલ બનાવ્યા. ૨૫ વિદ્યાર્થિનીઓએ ભાગ લઈ શ્લોક ગાનમાં પ્રથમ ત્રણ વિજેતા બની જેના નિર્ણાયક મનીષાબેન ચૌધરી રહેલ હતાં. પ્રથમ ભાવસાર મોસમ કે. દ્વિતીય પરીખ અવની એન., પટેલ દિવ્યા કે. અને તૃતીય પટેલ રોશની એમ, મનસુરી નસીમ કે. રહ્યા હતા.

## રાંધેજા વિદ્યાપીઠ ખાતે કુદરતી ઉપચારક કોર્ષની પ્રવેશ પ્રક્રિયા શરૂ

ગાંધીનગર, તા.૧૯

ગુજરાત વિદ્યાપીઠ રાંધેજા ખાતે સ્વ. જે.જે. બજાજ નિસર્ગોપચાર યોગ તાલીમ સંશોધન કેન્દ્રમાં નેરોથેરાપીસ્ટ (કુદરતી ઉપચારક)નો સાડા ત્રણ માસનો સર્ટીફીકેટ કોર્ષ એપ્રિલ ૨૦૧૪થી શરુ કરવામાં આવનાર છે. કોર્ષમાં જોડાવા ઈચ્છતા ઉમેદવારોએ તા. ૩૧ માર્ચ સુધી કેન્દ્ર ખાતે પ્રવેશ ફોર્મ સ્વીકારવામાં આવશે. કોર્ષમાં ધોરણ-૮ પાસ/નાપાસ ઉમેદવારો જોડાઈ શકશે તેમજ રજીસ્ટ્રેશન માટે ૦૭૯-૨૩૯૭૬૭૧૮, ૯૪૨૭૫૨૧૩૭૭૫૨ સંપર્ક કરવો.

## બાશ્રી વસંતકુંવરબા પ્રાથમિક શાળામાં ક્વિઝ સ્પર્ધા યોજવામાં આવી

ગાંધીનગર, તા. ૧૯

બાશ્રી વસંતકુંવરબા પ્રાથમિક શાળાના સ્થાપક નટવરસિંહ સોલંકીના જન્મ શતાબ્દી વર્ષ નિમિત્તે શાળામાં ક્વિઝ કોમ્પીટીશન યોજવામાં આવી હતી. મોટી સંખ્યામાં વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.


શહેરના સેક્ટર-૨૮માં આવેલી બાક્ષી વસંતકુંવરા પ્રાથમિક શાળાના સ્થાપક નટવરસિંહના જન્મ શતાબ્દી વર્ષ ઉજવવામાં આવી રહી છે. સ્પર્ધામાં સામાન્ય જ્ઞાન, રમત-ગમત, શૈક્ષણિક અને વિજ્ઞાનને લગતા પ્રશ્નોની સ્પર્ધા યોજવામાં આવી હતી. સ્પર્ધામાં ધોરણ-૫ થી ૮ના વિદ્યાર્થીઓની અલગ-અલગ ચાર ટીમો બનાવવામાં આવી હતી. જેમાં એક ટીમમાં આઠ વિદ્યાર્થી રાખવામાં આવ્યા હતા.

સામાન્ય જ્ઞાન સ્પર્ધાના ચાર રાઉન્ડમાં અલગ-અલગ ટીમોમાંથી મહારાણી લક્ષ્મીબાઈ હાઉસ ટીમ વિજેતા બની હતી. વિજેતા વિદ્યાર્થીઓને શાળા પરિવાર દ્વારા અભિનંદન પાઠવવામાં આવ્યા હતા. સ્પર્ધાનું સંચાલન સુનંદાબેન ત્રિવેદી અને રીટાબેન મોદી દ્વારા કરવામાં આવ્યું હતું.

## સિનીયર સીટીઝન્સ કાઉન્સીલની નિરાધાર બહેનો માટે સેવાકીય પ્રવૃત્તિ

સીનીયર સીટઝન્સ કાઉન્સીલ ગાંધીનગર દ્વારા ગાંધીનગરની ગરીબ અને નિરાધાર એવી વિધવા બહેનો માટે રૂા. ૫૦,૦૦૦ની જોગવાઈ કરવામાં આવી છે. આ અંગે નિરાધાર ગરીબ બહેનોની અરજીઓ આવેલ હતી. ૨૦ બહેનોને અનાજને જીવન જરૂરીયાત, કરિયાણું ૧૩ જેટલી ચીજવસ્તુઓનું વિતરણ કરવામાં આવ્યું હતું. સેવાકીય કામગીરીમાં વી.ડી. શાહ, જે.એલ. શાહ, ડી.એમ. પરમાર, મનહરભાઈ, રાણાભાઈએ સેવા આપી હતી. મહામંત્રી મહેન્દ્રભાઈ એમ. શાહે જણાવેલ છે.

## ધૂળેટીએ વ્યંગના રંગ... પુસ્તક નહીં પણ મસ્તકની વાતોથી નિર્દોષ હાસ્યની લાફટર ચેલેન્જ..!



ઉઘડતે પડદે

—સંજય થોરાત

hellogandhinagar@gmail.com

શાહબુદ્દીન રાઠોડ એટલે આઠ અક્ષરનું એવું નામ જે સાંભળતાં જ સૌના ચહેરા પર હાસ્ય ફરી વળે, સમગ્ર વિશ્વમાં ભાગ્યેજ કોઈ ગુજરાતી હશે જે 'વનેચંદના વરઘોડા' ફેઈમ શાહબુદ્દીનથી અજાણ હોય... અને એમનો જ શાગીંદ એવા ડૉ. જગદીશ ત્રિવેદી નાટ્યક્ષેત્રથી હાસ્યક્ષેત્રે શાહબુદ્દીન રાઠોડને કારણે જ આવ્યાં. એમનાં નાના દેવશંકર મહેતા નવલકથાકાર હતાં એમને અને એમનાં ગુરુ શાહબુદ્દીન રાઠોડને ભાવાંજલિ અર્પવા એમનાં જીવન અને હાસ્ય પર બબ્બે વાર પી.એચડી. કરનારાં જગદીશ ત્રિવેદીએ ૭૫ જેટલી સી.ડી.માં એમનો અવાજ રેકોર્ડ કરાવી શ્રોતાઓને એમની વાતોથી ખડખડાટ હસાવે છે.. આ બંને કલાકાર આજે 'આર્ટ લવર્સ'ના આંગણે 'રંગોત્સવ'માં હાસ્યનાં ગુબ્બારાં ઉડાળવાં આવ્યાં હતાં...

'રંગ બરસે ભિગે ચૂનરવાલી રંગ બરસે' અને આજના છેડેંગે બસ હમ હોલી ખેલેગે હમ હોલી..' કરતાં કરતાં આખો દિવસ રંગોના રંગે રંગાયેલા રંગ રસીયાઓને 'આર્ટ લવર્સ'ના નવા વરાયેલાં થનગનતાં યુવા સ્ટાર્મ પ્રમુખ ઋષિકેશ ભટ્ટે આવકાર્યા, આવનારાં વર્ષોમાં એમની સંસ્થા ઉચ્ચ ગુણવત્તા સભર કાર્યક્રમ આપશે જ એવાં આત્મવિશ્વાસ સાથે એમની સમગ્ર ટીમને સ્ટેજ પરથી પસાર કરાવી એમનાં બે વર્ષ ખૂબ જ રંગીન કાર્યક્રમોથી પસાર થશે એવી પ્રતિતી કરાવી.. આવેલાં બંને કલાકારો પૂર્વ પ્રમુખ ગનીભાઈ વાડિયાના ગામનાં અને પરિચીત હોવાથી એમનો પરિચય અત્યંત હળવી શૈલીમાં એક કલાકારને શોભે એવી અદામાં અપાયો.

ડૉ. જગદીશ ત્રિવેદી મૂળતો નાટકના કલાકાર, નાટયકાર, નાટયલેખકને જિંદગીના એક વળાંકે નાટકમાંથી હાસ્યકલાકાર તરફ વળી ગયાં એ પહેલાં થાનગઢમાં ઝેરોક્ષનો ધંધોય કરી ચૂકેલાં.. થાનગઢનાં નવરાત્રી મહોત્સવમાં શાહબુદ્દીનને અનેકવાર સાંભળેલા અને એમને પોતાનાં ગુરૂ બનાવી હાસ્ય કલાકાર બની ગયાં. જેમ શાહબુદ્દીન 'વનેચંદના વરઘોડા'નો સફળતા પર આટલો વર્ષો ખેંચી કાઢ્યા એમ આમની ગાડી પણ પાટે ચઢી ગઈ અને હાસ્ય કલાકાર સાથે ફુલછાબમાં 'રમૂજની રેલગાડી' દોડાવતાં રહ્યાં..

'રંગ કહે રંગાઈ જાઓ, હોળીના દિન આવ્યાં, કેશુડાનાં જંગલમાંથી ગુલાબની સોડમ લાવ્યો' જેવી પંક્તિ સાથે ધોરણ-૭માં જેમનો 'ફાટેલી નોટ' પાઠ ભણવામાં છે એવાં ડૉ. જગદીશ ત્રિવેદીએ હળવી વાણીમાં શરૂઆત કરી.. વિજળી કયાંથી આવે? મામાના ઘરેથી ,કેમ? તો કહે જ્યારે લાઈટ જાય ત્યારે તરત બોલી ઉઠે કે 'મારા હાળાએ બંધ કરી...' Electricity, Capicity, Publicity, University ના તોતડા ઉચ્ચાર વાળી સ્કૂલની જોક અને આમને ઉચ્ચાર શિખવાડવાં એટલે 'સ્વામીનારાયણ' મંદિરમાં મેલડીમા નો ગોખલો કરવાં જેવી વાત કહી હસાવ્યાં... દીકરો ધોરણ-૧૨માં ફેલ થયો એટલે બાપાએ પૂછ્યું કેમ? ઈન્સ્પેકટર રાવલનો રમેશ ફેલ થયો, કલેકટરનો કમલેશ ફેલ થયો, તે તમે કયાં વડાપ્રધાન છો તો હું પાસ થાઉં?....

પાંચ વર્ષના છોકરાને કિધું કે, 'બેટા, ચોકલેટ ના ખવાય દાંત પડી જાય.' છોકરો બોલ્યો મારાં દાદા ૮૦ વર્ષનાં છે અને બધાં દાંત મજબૂત છે, એટલે તમે બીજાની પંચાત છોડો ને તમારાં દાત સાચવો.. 'બાપા એ બેટાને કિધું કે જો ધોરણ-૧૨માં પાસ થઈશ તો મોટર સાઈકલ અપાવીશ. પરિણામ આવ્યું તો કહે, 'લો, પપ્પા મેં તમારાં ૭૨ હજાર બચાવી દીધાં.' એક જણને બ્લેકબૅરી મોબાઈલ ગિફટ કર્યો. તો કહે મારી પાસે ૩૫ વર્ષથી બ્લેક બૅરી છે, એટલે મારી પત્ની બ્લેક પણ છે અને બેરી પણ છે...' હાથીને એપેન્ડીકસ થયો, નર્સે સાધનો ગણ્યાં પણ કહે ડૉ. મહેતા ગાયબ છે, જે હાથીનાં પેટમાં રહી ગયેલાં... જેવી ઘસાયેલી, પીટાયેલી, ચવાયેલી, અનેકવાર સાંભળેલી-વાંચેલી જૉકસ અર્ધો કલાક માથે માર્યા બાદ કલાકાર એટલું જ બોલ્યો કે, 'ખરાં, કાર્યક્રમ તો હવે શરૂ થશે?'

નારાયણ સાંઈ જેવો ચહેરો ધરાવતાં જગદિશ ત્રિવેદીને પોલીસે એરપોર્ટ પર પકડયાં બાદ જવાબ આપેલો, 'શકલ નારાયણ સાથે મળે છે, પણ શોખ એવાં નથી.' પિત્તળે સોનાને કીધું, મને તારામાં ભેળવી દે. તારૂ વજન વધી જશે. ત્યારે સોનાએ કીધું, વજન તો વધશે, પણ મારાં કેરેટ ઘટી જશે..! રામની પત્નીનું નામ આશા, એટલે બધાં 'આશારામ' કહીને બોલાવે... કાંડા ઘડિયાળ ખોટો સમય બતાવે તો એક જ માણસ ભૂલ કરે, પણ જો ગામનાં ટાવરનું ઘડિયાળ ખોટો સમય બતાવે તો બધાં ગોથે ચઢે એવી વાત 'આશારામ' સંદર્ભે કરી... અને પછી ગામડાંની મહેંકતી મસ્ત કવિતા દ્વારા જગદીશ ત્રિવેદીએ પહેલાં અર્ધો કલાકમાં ઉતારેલી વેઠની ભરપૂર કસર પૂરી કરી આથી... ગાંધીનગરનાં સદ્‌ગુણી શ્રોતાઓએ એમને ભરપૂર તાળીઓથી વધાવી લીધાં...

જીત પર હસતો રહ્યો ને હાર પર હસતો રહ્યો
ફૂલની શૈયા ગણી અંગાર પર હસતો રહ્યો
ઓ, મુસીબત! એટલી ઝિંદાદિલીને દાદ છે,
તેં ધરી તલવાર, તો હું ધાર પર હસતો રહ્યો!

આજે જમાનો કેસેટ પરથી સીડી, એમ.પી.-૩, આઈપેડ થઈ યુ-ટ્યુબ સુધી પહોંચ્યો એ ૪૦ વર્ષની સફરમાં શાહબુદ્દીન રાઠોડ 'વનેચંદનો વરઘોડો' જે કાઢેલો એમાંય પહેલી ચાર પંક્તિ તો પેલી ઉપર લખી એ જ બોલેલાં અને આજેય એ જ લાઈનથી શરૂઆત કરે અને તોય એમને સાંભળવાં ગમે, એમનાં એ ડાયલૉગ્સ કે જોકસ તો લગભગ સૌને હોઠે ચઢી ગયેલી... માનવજીવનની કરૂણામાંથી હાસ્ય સર્જવું અને એ હાસ્ય પરિવાર સાથે માણી શકાય એવું શુદ્ધ, સાત્વિક અને નિર્દોષ, સુરૂચિસભર હોય, તળપદી ભાષાનો તડકો હોય, દિલથી નિકળેલો શબ્દો અને હાસ્ય-વ્યંગનો જલ્સો એટલે શાહબુદ્દીન રાઠોડ...

શાહબુદ્દીન રાઠોડનાં હાસ્યમાં રહેલું તત્વચિંતન એ એમને અન્ય હાસ્યકલાકારોથી અલગતાં અને ઊંચાઈ બક્ષે છે. વર્ષો પહેલાં રાજકોટમાં એક જૈન યુવતિએ દીક્ષા લીધી. સંસાર ત્યાગે એ પહેલાં કોઈ સાંસારીક ઈચ્છા પૂર્તિમાં એમણે શાહબુદ્દીન રાઠોડને સાંભળવાની ચાહના પ્રગટ કરેલી અને શાહબુદ્દીને એ કાર્યક્રમ અભૂતપૂર્વ બનાવી દીધેલો.. કોર્ટમાં વકીલે જજ સામે કીધું કે, મારાં અસીલને મારી મારીને અધમુઓ કરી નાંખ્યો ત્યારે આરોપી બોલ્યો મને આટલો મારેલો? એમ જ શાહબુદ્દીન બોલ્યાં 'મારો પરિચય કરાવ્યો ત્યારે ખબર પડી કે મારાંમાં આટલાં સદ્‌ગુણો છે.' એમ કહી હાસ્યનો દોર એમણે હળવી વાણીથી સંભાળી લીધો...

ગામડાંના લોકો ભેગાં થઈ જીવે અને શહેરનાં ભેગુ કરી જીવે.. અમેરિકામાં મનોરંજનના સાધનો બહુ છે પણ આનંદ નથી... ૪૪ વર્ષથી હાસ્યનો દરબાર લઈને બેઠો છું પણ થાનથી બહાર કશું ગોતવું પડ્યું નથી... મથુર પાસે રોજ એની પત્ની ૨૦૦ રૂપિયા માગે? શેના માટે? એ તો એને આવું તો ખબર પડે ને? દામોદરના સગપણની પાટલુનની મજાની વાતો... એકબાદ સહજ પણે આવતી જાય અને શ્રોતાઓ એમાં રસતરબોળ થતાં જાય...

**'આર્ટ લવર્સ'નાં 'રંગોત્સવ'માં 'વનેચંદનો વરઘોડો' જેમની આગવી ઓળખ છે એવાં શાહબુદ્દીન રાઠોડે માનવજીવનની કરુણામાંથી હાસ્ય સર્જન, તત્વચિંતન સહિતના વ્યંગથી હાસ્યની છોળો ઉડાળી : આસપાસનાં બનતાં બનાવોને વાતોમાં ઢાળી જગદીશ ત્રિવેદીએ સેન્સ ઓફ હ્યુમરથી દોડાવી રમૂજની રેલગાડી**

'જમાનો જો હોય કાળોનાગ તો હું પણ મદારી છું.
પછાડું હું ઉડતા પંખીને એવો હું શિકારી છું,
ખરેખર બાદશાહ બેતાબ છું, આખી આલમનો,
છતાં આપની મીઠી નજર કા જે હું ભિખારી છું.'

એમનાં એવરગ્રીન શૅર સાથે વિઠ્ઠલનાં લગ્નની વાતો મંડાઈ... લગ્ન પહેલાં લવલેટર લખાય અને અક્ષર સુધારવાની શરૂઆત થાય... વરરાજા લોટે જાય અને ત્યાંય ઢોલ વગાડતાં લઈ જાય, લોટો પકડવાં પાછો અણવર હોય.. 'હ્યુમર ઈઝ માય રિલીજીયસ' એવું માનતાં શાહબુદ્દીને હેનરી ફોર્ડનો ગાડીનાં અનુભવની ઠાંઠા જેવી વાતોથી મોજ કરાવી... બિથોવનનાં સિમ્ફનીનો પ્રસંગ.. મુનલાઈટ સિમ્ફની..., 'વડિલ મુરતીયો જોઈએ પછી ખબર પડે...' પત્નીને ચાહવી પણ સમજવી નહીં... પ્રેમ હોય ત્યાં પ્રોબ્લેમ ના હોય.. મહેસાણા સ્ટાઈલમાં 'રામાયણ' પબ્લિક ડિમાન્ડ પર રજૂ કર્યું...

કાર્યક્રમનાં બીજાં દોરમાં જગદીશ ત્રિવેદીએ લટકાવી રાખેલા પ્રેક્ષકોને ટ્રેનમાં ઉખાણાવાળી જૉક અને અંગ્રેજી મીડિયમનાં એડમીશનની વાતો કરી... શાહબદીન રાઠોડે એમનાં સંસ્મરણોના જોર પર પુરાની શરાબ જેવો હાસ્યનો નશો કરાવ્યો.. 'આર્ટ લવર્સ'નો ધૂળેટીનો હાસ્ય-વ્યંગનો કાર્યક્રમ મોડી રાત સુધી રમૂજ કરાવતો રહ્યો.. કલાકારો બંને ઉચ્ચકોટીનાં પણ કાર્યક્રમમાં લાવતાં પહેલાં શ્રોતાઓને કાંઈક નવું મળે એવી કાળજી લેવાય તો કલાકાર અને શ્રોતા બંને હસીને બેવડ વળે!! શાહબુદ્દીન રાઠોડનાં જિદગીની ફિલસૂફઈના શૅર સાથે કાર્યક્રમ પર પડદો પાડી દઈએ...

જુદી જીંદગી છે મીજાજે મીજાજે,
જુદી બંદગી છે નમાજે નમાજે
છે એક સમુંદર એટલે શું થયું
જુદા છે મુસાફર જહાજે જહાજે
છે, જીવન જુદા છે કાયાયે જુદી
છે મૌત જુદા જનાજે જનાજે!!